શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર

ગુજરાત વિધાનસભા સત્ર દરમ્યાન

**ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ (અમેન્ડમેન્ટ) બીલ, ૨૦૨૪**

**રજુ કરવા અંગેનું વક્તવ્ય-3**

તા: ૨૩/૦૮/૨૦૨૪ સમય: સવારના ૧૦:૦૦ કલાકે

ગુજરાત વિધાનસભાના માન.સ્પીકરશ્રી; ગુજરાત વિધાનસભાના માન.ડેપ્યુટી સ્પીકરશ્રી; ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ; ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ગુજરાત વિધાનસભા ખાતે હાજર તમામ સભ્યોને મારા સાદર પ્રણામ.

માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વક્તવ્ય મુજબ ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ એકટ, ૨૦૦૯માં સુધારો કરીને આ કાયદાને ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ (એમેન્ડમેન્ટ) એક્ટ, 2024 તરીકે ઓળખવામાં આવશે. આ કાયદા દ્વારા પ્રાઇવેટ યુનિવર્સિટી નામ, સ્થાન અને સ્પોન્સરીંગ બોડીમાં ફેરફાર જેવા નાના પણ જરૂરી સુધારાઓ રાજ્ય સરકાર થકી કરી શકશે.

ગુજરાત રાજ્યમાં અગાઉ યુનિવર્સિટીઓ મર્યાદિત હોઈ ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા જવુ પડતુ હતું.

જેથી ઘણા વાલીઓ બાળકોને બહાર મોકલવા તૈયાર થતા ન હોઈ તેમજ આર્થિક મુશ્કેલીઓના કારણે પણ આવા વિદ્યાર્થીઓએ અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડતો હતો. આથી ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે રાજ્ય/દેશની બહાર જવું ન પડે તેમજ ગુજરાત રાજ્યમાં જ મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર ઉચ્ચ શિક્ષણની વધતી જરૂરિયાત મુજબ રાજ્યમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. પરિણામે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૨ સરકારી (ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી) અને ૫-સેક્ટોરીયલ (બિરસા મુંડા ટાઈબલ યુનિવર્સિટી, ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ અને કૌશલ્ય–ધી સ્કિલ યુનિવર્સિટી) એમ કુલ ૭ યુનિવર્સિટી અને ભારત સરકાર દ્વારા ૪ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સુરત અને ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચીંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ) એમ કુલ ૧૧ સરકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

યુજીસીની જોગવાઈ મુજબ દરેક રાજ્ય અંતર્ગત ખાનગી યુનિવર્સિટીની સ્થાપના રાજ્ય અધિનિયમ દ્વારા કરવામાં આવે છે. ખાનગી યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન, પરીક્ષા અને વિસ્તરણ સેવાઓ માટે પર્યાપ્ત સુવિધાઓ ધરાવતી એકાત્મક યુનિવર્સિટી હશે.

આમ, યુજીસીના ધારાધોરણો મુજબ ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૦૯ અંતર્ગત ગુજરાત રાજ્યમાં હાલમાં કુલ ૬૫ ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત છે.

ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૦૯નો મુખ્ય ઉદ્દેશ્ય ગુણાત્મક અને ઉદ્યોગ સંબંધિત ઉચ્ચ શિક્ષણની જોગવાઈ કરવી અને કાયદાની જોગવાઈઓ અનુસાર તેમના કાર્યોનું નિયમન કરવાનો છે.

રાજ્ય સરકાર ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારણાની સતત પ્રક્રિયાને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ માટે પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯ના મૂળ કાયદાથી પ્રસ્થાપિત થયેલ ખાનગી યુનિવર્સિટીઓની જરૂરિયાતોને ધ્યાને લઈ સમયમર્યાદામાં જરૂરી સુધારા થાય તે માટે આજે રજુ થયેલ બીલ આવકારાય તે શિક્ષણના હિતમાં ખુબ જરૂરી છે.

આટલી ચર્ચા પછી મને વિશ્વાસ છે કે ગૃહના તમામ માનવંતા સભ્યશ્રીઓ ભવિષ્યના ઉજ્વળ નિર્માણ માટે ખાનગી ક્ષેત્રના પ્રદાનને મહત્ત્વનું ગણશે, અને શિક્ષણનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરવામાં પોતાનો કિંમતી ફાળો અચૂક આપશે તેનો મને વિશ્વાસ છે.

આભાર.

***********************************